**રે.મુ.નં.૩૫/૨૦૧૮**

**:: આંક: ૫ તથા આંક–૧૩ લગત હુકમ ::**

**(૧)** વાદીની અરજીની હકીકત એવી છે કે, ....

" મોજે સમની, તા.આમોદ, જી.ભરૂચની મધ્યમાં આવેલ મકાનની આથમણે ગભાણ આવેલ છે જે ગભાણ રજીસ્ટ્રેશન નંબર ૭૬ વિલેજ પંચાલત નંબર ૧૧૧ છે ૬૫ ફૂટ લાંબુ અને ૩૨ ફૂટ પહોળુ તથા ૫૬ ફૂટ લાંબુ તથા ૨૭ ફૂટ પહોળુ એક જ ગભાણ છે જેનો હાલમાં અનુક્રમ નંબર ૨૧૮ અને મિલકત પ્રોપર્ટી નં ૨/૧૧ જે એલ આકારનું છે. જેની ચર્તુદિશા આથમણે ઘનશ્યામ બેચરભાઈનું ઘર તથા ઉગમળ મહેન્દ્રભાઈ ત્રીભૂવનભાઈનું ઘર છોડી અમારુ મકાન, ઉત્તરે શેઢી અને દક્ષિણે ગીરીશભાઈ મોહનભાઈનું ઘર આવેલ છે. આ ગભાણમાં માલીક કબજેદાર વાદી છે. સદર ગભાણ વાદીના દાદા મોહનભાઈ મથુરભાઈએ તેના માલીક શંકરભાઈ કાલીદાસ પાસેથી સવંત ૨૦૧૩ના જેઠ સુદ નોમ ને તારીખ ૦૬/૦૬/૧૯૯૭ ના રોજ વેચાણ દસ્તાવેજથી રાખેલ છે. સદર ગભાણ સમની ગામ પંચાયતમાં આવેલ હોય જેના વખતો વખત અનુક્રમ નંબર બદલાતા હોય છે. જેનો હાલનો અનુક્રમ નંબર ૨૧૮ તથા મીલકત પ્રોપર્ટી નં ૨/૧૧ છે. સદર મીલકત યાને ગભાણ અમારા પિતા ગુજરતા અમારા કબજે આવેલ છે, પરંતુ પંચાયતમાં રજુ સુધી કોઈ વારસાઈ કરાવેલ નથી. પ્રતિવાદીઓનું આ મીલકતમાં કોઈ હક, હિત કે સબંધ નથી પરંતુ કાયદો હાથમાં લઈ ઉત્તર તરફના ગભાણમાં વચ્ચોવચ પંચાયતની પરવાનગી લીધા વગર ગેરકાયદેસર બાંધકામ શરુ કરેલ છે અને તેઓને અટકાવતા થાય તે કરી લેવાની ધમકી આપતા હોય હાલની મનાઈ અરજી કરી વાદીનો પ્રથમ દર્શનિય કેસ હોય બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં હોય પ્રતિવાદીઓના ગેરકાયદેસરના કૃત્યથી વાદીને ઘણુ નુકસાન થઈ રહેલછે જેથી પ્રતિવાદીઓ દવારા મનાઈ અરજીમાં જણાવેલ ઉત્તર તરફના ગભાણમાં વચ્ચોવચ ગેરકાયદેસર બાંધકામ શરુ કરેલ છે તે જાતે દૂર કરે અને જો દૂર ના કરે તો કોર્ટ કમિશ્નર મારફતે તેઓના ખર્ચે દૂર કરે તેવો દરમ્યાન આદેશ આપતો મનાઈ હુકમ તેમજ ગભાણમાં પ્રતિવાદી જાતે કે તેમના માણસો, કડીયા, મજૂરો કે એજન્ટો મારફતે વધુ બાંધકામ

કરે કરાવે નહી કે અમારા ગભાણમાં પ્રવેશ કરાવે નહી તેવો દરમ્યાન મનાઈ હુકમ માંગતી હાલની મનાઈ અરજી કરેલ છે. નીચે જણાવેલી વિગતની ખેતીની જમીન આવેલ છે.

(૨) સદર કામના પ્રતિવાદીઓને નોટીસ સમન્સ બજતા પ્રતિવાદી નાએ આંક–૧૫ થી વાદીની અરજીનો લેખિતમાં જવાબ આપી વાદીની અરજીના મોટાભાગના પેરાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને એવી હકીકત જણાવેલ છે કે વાદીએ પ્રતિવાદીનું ચણતરનું કામ પૂરુ થયા બાદ ફકત પ્લાસ્ટરનું કામ બાકી હતુ તે દરમ્યાન ઈર્ષાથી પીડાઈને પ્રતિવાદીઓને નુકસાન કરવાના બદ ઈરાદે હાલનો ખોટો દાવો કરેલ છે. દાવામાં દાવા અંગેનું કારણ જણાવેલ નથી. પ્રતિવાદીના મકાનની પછીતે વાદીની માલીકી આવેલ છે. પ્રતિવાદીના મકાનની પૂર્વે વાદીનું મકાન આવેલ છે અને પ્રતિવાદી તેવી સ્થળ સ્થિતિનો ગેરલાભ ઉઠાવવા અમો પ્રતિવાદીની માલીકીની મીલકત તેઓની આવેલી છે તેવી ખોટી તકરાર ઉપસ્થિત કરી ખોટા દસ્તાવેજ રજુ રાખી ખોટી હકીકતવાળો દાવો કરેલ છે. ખરેખર દાવાવાળી જગ્યા પ્રતિવાદીના કબજામાં વાદી તથા ગામ લોકોની જાણકારી અને માહીતી હેઠળ ૭૦ વર્ષ ઉપરાંતથી ચાલી આવેલ છે. વાદી હાલનો દાવો કરતા અગાઉ કોઈ પણ વખત દાવાવાળી મીલકતને વાપર ઉપભોગ કરતા પ્રતિવાદીને અટકાવેલ નથી. આમ, અમો પ્રતિવાદીનો ૧૨ વર્ષ ઉપરાંતથી દાવાવાળી મીલકતનો વાદીની જાણકારી તથા માહીતીમાં શાંત અને પ્રત્યક્ષ કબજો ચાલી આવેલ છે. જેથી વાદીને તે વિરૂઘ્ઘ બોલવાનો કાયદેસર અધિકાર નથી. પંચાયતનો વેરો પણ વર્ષોથી અમો ભરીયે છીએ. વાદીએ જે દસ્તાવેજ રજુ કરેલ છે તેમાં મૂળ માલીકે દસ્તાવેજમાં જણાવેલ આખી મીલકતના માલીક નથી તેવુ સ્પષ્ટ ફલીત થાય છે તેમજ મૂળ માલીકનો હિસ્સો આવેલ છે તેવી સ્પષ્ટતા પણ દસ્તાવેજમાં નથી. દસ્તાવેજમાં બતાવેલ ચર્તદિશા તેમજ વાદીએ દાવામાં જણાવેલ ચર્તુદિશા પણ જુદી છે. દસ્તાવેજમાં અમો પ્રતિવાદી પક્ષકાર નથી. જેથી પ્રતિવાદીને બંધન કરતા નથી. વાદીએ બીજી કોઈ જગ્યાનો દસ્તાવેજ રજુ રાખી હાલની દાવાવાળી જગ્યા પર ખોટો અધિકાર બતાવેલ હોય જેથી પણ વાદીનો દાવો રદ કરવાને પાત્ર છે.

(૩) ઉપરોકત પક્ષ નિવેદનો તેમજ વાદી પ્રતિવાદી તર્ફે રજુ થયેલ દસ્તાવેજી

પુરાવા અને વાદીની મૌખીક દલીલ એવી છે કે દાવાવાળું ગભાણ ૧૯૫૭ થી અમો વાદી ના દાદાએ રાખેલ. જેમાં અમારો શાંત અને પ્રત્યક્ષ કબજો ૧૯૫૭ થી છે ગભાણની આકારણી, વેચાણ દસ્તાવેજ રજુ કરેલ છે વાદીના એલ. આકારના ગભાણમાં બાંધકામ કરી દિધેલ જે બાબતે તેઓને કહેતા, થાય તે કરી લેવાની ધમકી આપેલ. ફોટોગ્રાફસ રજુ કરેલ છે તેમાં પણ કન્ટ્રકશન ચાલુ રાખેલ છે. વેકેસન દરમ્યાન દાવો દાખલ કરેલ છે. પ્રતિવાદી ઓએ માત્ર ડિનાઈલ સીવાય બીજી કોઈ રજુઆત કરેલ નથી. પોતાની મીલકતનો પુરાવો રજુ કરેલ નથી. બાંધકામ અટકાવવામાં ના આવે તો જુદાજુદા લીટીગેશનમાં ઉતરવુ પડે. વાદી હાર્ડશીપ વેઠી રહયા છે અને દરદરની ઠોકરો ખાય રહયા છે. વેચાણ રાખેલ માલીકના દિકરાના દિકરાનું સોગંદનામુ રજુ કરેલ છે. દરેક સોગંદનામાં ઘ્યાનથી જોવામાં આવે તો તેઓ પડોશીઓ છે જેમાં ઘનશ્યામભાઈનું સોગંદનામુ અત્યંત મહત્વનું છે તેમાં રજુ કરાયેલ દસ્તાવેજમાં પૂર્વે વાદીનો ઘર, વાડો છે. પ્રતિવાદીએ કોઈ પણ પ્રકારની પરવાનગી વગર તદ્દન ખોટી રીતે ગેરકાયદેસર બાંધકામ કરેલ છે જેથી મનાઈ મળવો જોઈએ. વધુમાં દાવો ઝડપથી ચલાવવાની ખાતરી આપીએ છીએ. જેથી અતિક્રમણ અટકાવવા તાકીદે મનાઈ મંજુર કરશો. વાદીએ આ કામે બોમ્બે હાઈકોર્ટનું વિકાસ કમલાકર વાલાવાલકર વિરુઘ્ધ ડેપ્યુટી સોલ્ટ કમીશ્નર નાઓનું ચુકાદો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો શકિતસીહ ગોહીલ વિ. ગુરુ સેવકસીંગ નો ચુકાદો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનું ઈબ્રાહીમશા મહંમદ અને વિ. વિરુઘ્ધ નુર અહેમદ નુર મહમદ અને વિ. નાઓનો ચુકાદો રજુ કરી આ ચુકાદાઓ મુજબ પણ વાદીને મનાઈ મળવો જ જોઈએ તેવી ભારપુર્વક દલીલ કરેલ છે.

વધુમાં તા.૧૧/૭/૧૮ ના રોજ કોર્ટ કમીશનર ઘ્વારા આંક–૩૦ ના લીસ્ટ થી રજુ કરવામાં આવેલ પંચનામા, નકશા બાબતે પક્ષકારોને સાંભળતા વાદીએ એવુ જણાવેલ છે કે, પંચનામાં ચતુર દિશા મુજબની દિશા અને એલ. આકાર પણ મળતુ આવે છે. પ્રતિવાદીએ કરેલ ગેરકાયદેસર બાંધકામ પણ રેકર્ડ પર છે, પ્રતિવાદી ઘ્વારા કરેલ અનૈતિક બાંધકામ પર અટકાયત કરવામાં ન આવે તો પ્રતિવાદીને હાવ ના રહે, તેમજ જુના સંડાસના રીપેરીગમાં બે ત્રણ માળનું નવુ બિલ્ડીગ ન બની જાય જેથી પણ વાદીનો મનાઈ મંજુર કરવો અત્યંત જરુરી છે.

સામે પક્ષે પ્રતિવાદી ધ્વારા એવી દલીલ કરાયેલ છે કે દરમ્યાન મનાઈ અરજી મુજબ ઉત્તર તરફના ગભાણમાં ગેરકાયદેસર બાંધકામ થયેલ છે જેથી મનાઈ માંગેલ છે. વાદી રેરેસ્ટ ઓફ રેર કેસ પુરવાર કરી શકેલ નથી. જયારે વાદી બાંધકામ તોડવાની માંગણી કરતા હોય ત્યારે કબજો પ્રતિવાદીનો છે તેવુ પુરવાર થાય છે. આંક–૫ ના હુકમમાં  બાંધકામ તોડવાનો હુકમ થાય તો પુરાવો લેતા પહેલા આવો હુકમ થઈ શકે તે બતાવવાની ફરજ વાદીની છે. વાદી કહે છે કે મીલકતના નવા નંબર પડેલ છે તે કબુલ પણ તે વાદીએ બતાવવુ પડે.વાદી દાવાવાળી મીલકતના માલીક હોય તેવો એક પણ દસ્તાવેજ રજુ કરેલ નથી આ કામે એક તબકકે વાદીનો મનાઈ હુકમ મંજુર થાય તો વાદીએ કબુલેલ બાબત મુજબ બાંધકામ તોડવાના કારણે પ્રતિવાદીને ઈરીપેરેબલ લોસ્ટ જાય જેથી પણ વાદીની મનાઈ અરજી મંજુર થઈ શકે નહી. વધુમાં આંક–૩૦ ના લીસ્ટથી રજુ થયેલ પંચનામા સંદર્ભે પ્રતિવાદીએ એવી દલીલકરેલ છે કે, પશ્ચિમ તરફ ગીરીશભાઈ મોહનભાઈનું ઘર છે, પ્રતિવાદીએ જે નવુ બાંધકામ કરેલ છે તે જગ્યાએ એક જુનુ બાથરુમ આવેલ છે, વાદીએ ટુંકો રસ્તો અપનાવી સુઈટ ફોર પઝેશનની જગ્યાએ સુઈટ ફોર ઈન્જેકશન દાખલ કરેલ છે. વાદી રેરેસ્ટ ઓફ રેર કેસ હોવાનું બતાવી શકયા નથી. વાદીનું બાંધકામ પુર્ણ થયેલ છે. જેથી વાદીની મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવી જોઈએ.

**(૪)** સદર અરજીના નિર્ણય  અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–::: મુદ્દાઓ:::–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે તેઓનો પ્રથમ દર્શનિય કેસ છે. ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે અગવડ સગવડની સમતુલા વાદીની તરફેણમાં છે. ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે માંગ્યા મુજબની દાદ મંજુર નહી થવાના સંજોગોમાં વાદીને નાણાથી પણ ભરપાઈ ના થાય તેવું ગંભીર અને પારાવાર નુકશાન જાય તેમ છે. ?

(૪) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

- ➔ મુદા નં.૧ નકારમાં.
- ➔ મુદા નં.૨ નકારમાં
- ➔ મુદા નં.૩ નકારમાં
- ➔ મુદા નં.૪ આખરી હુકમ મુજબ

ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય વિગતોનું પુનરાવર્તન ટાળવા તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે નીચે મુજબ છે.

**(૫)** હાલના વાદી વ્દારા માંગવામાં આવેલ મનાઈ અરજી સંદર્ભે નિર્ણય કરતા અગાઉ પ્રથમ આપણે સીવીલ પ્રોસીજર કોડમાં કરવામાં આવેલ જોગવાઈઓ ધ્યાને લેવી અત્યંત આવશ્યક છે. મનાઈ અરજીનો નિર્ણય કરતા ઓર્ડર ૩૯ જોવો જરુરી છે.

**નિયમ (૧) જેમા કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકાય એવા કેસ. કોઈપણ દાવામાં સોગંદનામાંથી અથવા બીજી રીતે એવુ સાબિત થાય કે–**

**(એ) દાવાનો કોઈપણ પક્ષકાર દાવામાની કોઈપણ તકરારી મિલ્કત વેડફી નાખી કઈ નુકસાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં તે ગેરવાજબી રીતે વેચશે એવી દહેશત છે, અથવા**

**(બી) પોતાના લેણદારોને દગો દેવાના ઉદેશ્યથી પ્રતિવાદી પોતાની મિલ્કત ખસેડવાની અથવા તેનો નિકાલ કરી નાખવાની બીક બતાવે છે, અથવા તેમ કરવાનો ઈરાદો રાખે છે, અથવા**

**(સી) દાવામાં તકરારી મિલ્કત સબંધમાં, વાદીનો કબ્જો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોચાડવાની પ્રતિવાદી ધમકી આપે છે.**

ત્યારે હુકમ કરીતે ન્યાયાલય એવુ કાર્ય અટકાવવા માટે કામચલાઉ મનાઈ હુકમ આપી શકશે. અથવા તે દાવાનો નિકાલ થતા સુધી અથવા બીજો હુકમ થતા સુધી, તે મિલ્કત વેડફાઈ જતી હોય તેને નુકશાન થતુ હોય, તે બીજાને આપી દેવાતી હોય, તે ખસેડાતી હોય તે અથવા તેનો નિકાલ થતો હોય તે બંધ રખાવવા તથા અટકાવવા માટે, અથવા દાવામાની તકરારી મિલ્કતના સબંધમાં વાદીનો કબ્જો છોડાવી દેવા અથવા અન્યથા નુકશાન પહોચાડવા માટે, પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરી શકશે.

**(૬)** પ્રસ્તુત કામે બંને પક્ષકારોએ રજુ કરેલ મનાઈ અરજી તથા જવાબ અને દસ્તાવેજી પુરાવા, મૌખિક દલીલો ધ્યાનમાં લીધી તેમજ વાદી તર્ફે રજુ થયેલ ત્રણેય જજમેન્ટસ વંચાણે લીધા. આ કામે વાદીએ પોતાની મનાઈ અરજીના સમર્થનમાં આંક ૩ ના લીસ્ટ થી કુલ ૦૩ દસ્તાવેજો રજુ કરેલ છે. જેમા અનુક્રમ નંબર ૨૧૮ મીલકત નંબર ૨/૧૧ વાળો વાડાની આકારણી પત્રક. તા ૦૬/૦૬/૧૯૫૭ ના રોજ થયેલ દસ્તાવેજની ઝેરોક્ષ તથા પોલીસ સ્ટેશને આપેલ ફરીયાદની નકલ. વધુમાં વાદીએ આંક–૧૩ થી પણ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ દરમ્યાન મનાઈ માંગતી અરજી કરેલ જે સંદર્ભે પ્રતિવાદી ઓએ કોઈ જવાબ આપેલ નથી પરંતુ આંક–૧૪ થી ૬ ફોટોગ્રાફસ રજુ કરેલ. ત્યારબાદ વાદીએ અજીતસીગ મોહનસીગ સીંધા, હર્ષદભાઈ લલ્લુભાઈ પટેલ, ભરતભાઈ ભાઈલાલભાઈ પટેલ તથા ઘનશ્યામભાઈ બેચરનાઓનું સોગંદનામુ તથા તેઓના સોગંદનામા સાથે ૪૬૭ નો તારીખ ૩૦/૧ ૦/૨૦૦૨ ના રોજ એક દસ્તાવેજ રજુ કરેલ છે તેમજ આંક–૧૭ થી ભઈલાલભાઈ મોહનભાઈ નાઓ દવારા ભરવામાં આવેલ વેરા પાવતીઓની ત્રણ નકલો રજુ કરેલ છે. જયારે પ્રતિવાદીએ આંક–૧૫ થી લેખીત જવાબ તથા આંક–૧૬ થી કુલ ૯ કાગળનું લીસ્ટ રજુ કરેલ છે જેમાં ત્રીભુવનભાઈ મીઠાભાઈ તથા મહેન્દ્રભાઈ ત્રીભુવનભાઈ નાઓના નામ વાળી વેરા પાવતીની ઝેરોક્ષ તથા અનુક્રમ નંબર ૨૧૯ મીલકત નંબર ૨/૧૨ વાળા ઘરની આ કારણી પત્રક રજુ કરેલ છે. તેમજ નટવરભાઈ ઈશ્વરભાઈ, નીતીનભાઈ રમણભાઈ, સુરેશભાઈ શંકરભાઈ, મહેશભાઈ અંબાલાલ વિગેરેનાઓનું સોગંદનામુ રજુ કરેલ છે.

(૭) આ કામે વાદી ધ્વારા રજુ થયેલ ઉપરોકત પુરાવા તેમજ પ્રતિવાદીના પુરાવા ધ્યાનમાં લેતા વાદીએ હાલના પ્રતિવાદી સામે હાલની અરજીમાં આદેશાત્મક કામ ચલાવવા માટે તથા દરમ્યાનનો મનાઈ હુકમની માંગણી કરેલ છે. જે મુજબ વાદીએ મનાઈ અરજીના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી અનુક્રમ નં.૨૧૮ મીલકત અંદર ૨/૧૧ વાળો વાડો જે વાદીના પિતા ભયલાલભાઈ મોહનભાઈ નામે આવેલ છે તેની આકારણી પત્રક સાથે ૧૯૫૭ માં થયેલ દસ્તાવેજ તથા પ્રતિવાદી વિરુધ્ધ આપેલ પોલીસ ફરીયાદની નકલ રજુ કરેલ છે. વાદી પોતાની મનાઈ અરજીમાં જણાવે છે તે મુજબ એલ. આકારનું ગભાણમાં ઉતર તરફનો ભાગ પ્રતિવાદી ધ્વારા પંચાયતની પરવાનગી સીવાય ગેરકાયદેસર બાંધકામ શરુ કરવામાં આવેલ છે.સૌપ્રથમ વાદી એ રજુ કરેલ દસ્તાવેજો ધ્યાનથી જોઈએ તો ગભાણ રજીસ્ટર નં.૭૬, વીલેજ પંચાયત નં.૧૧૧ છે. જેનો હાલમાં અનુ.નં.૨૧૮ છે તે મીલકત ૨/૧૧ થી નવો નંબર ધરાવે છે. પરંતુ આ બાબત બતાવવા કોઈ પણ વિગત એટલે કે દસ્તાવેજી પુરાવા વાદીએ રજુ કરેલ નથી. આમ વાદી ધ્વારા રજુ થયેલ દસ્તાવેજ સબ રજીસ્ટારમાં રજીસ્ટર થયેલ તેથી તેને નહી માનવાને કોઈ કારણ નથી. પરંતુ વાદીએ નિ.૩/૧ થી વાડાની માલીકી જે દાવાવાળી મીલકત છે તેને દસ્તાવેજવાળો નંબર આપેલ નથી. હાલમાં નવો નંબર આપેલ છે. તે બતાવવા કોઈપણ વિગત વાદીએ રજુ કરેલ નથી. વાદીએ આ કામે આંક–૧૩ થી દરમ્યાન મનાઈ હુકમ મેળવવા તેઓની જે અરજી આપી હતી તેની સાથે આંક–૧૪ થી રજુ થયેલ ફોટોગ્રાફસ નંગ–૬ જોવામાં આવે તો તેમાં બાંધકામ થયુ હોય તેવુ અવશ્ય જણાય છે. પરંતુ વાદીએ સૌપ્રથમ તો એ પુરવાર કરવુ પડે કે દાવાવાળી મીલકત દસ્તાવેજવાળી મીલકત છે અને તેનો નવો નંબર ૨/૧૧ છે. સાથે સાથે વાદીએ દલીલ સમયે રજુ કરેલ સોગંદનામા પર આધાર રાખે છે. તેમાં વાદી સોગંદનામા સાથે ઘનશ્યામભાઈ બેચરભાઈના દસ્તાવેજો પર આધાર રાખે છે. જે દસ્તાવેજ મુજબ ઘનશ્યામભાઈની મીલકતની પુર્વ તરફ વાદીના પિતા ભયલાલભાઈનું ગભાણનો વાડો છે અને તે રીતે વાદીની માલીકી પુરવાર થાય છે તેવુ વાદીનું કહેવુ છે. આ દસ્તાવેજમાં જણાવેલ છે કે, ચતુર દિશામાં સાથે હાલની દાવાની ચતુર દિશા જોવામાં આવે તો વાદીની દાવા તથા મનાઈ અરજી મુજબ અનુ.નં.૨૧૮ મીલકત નં.૨/૧૧ ની ચતુર દિશા સાથે મેચ થાય છે. આ કામે વાદીની હાલની અરજી સંદર્ભેની રજુઆત, રજુ થયેલ નિ.૩/૨ વાળુ દસ્તાવેજને ધ્યાનમાં લેતા આ કામે વાદી ધ્વારા જે દસ્તાવેજવાળી મીલકત દાવાવાળી અરજીમાં જણાવેલ મીલકત જ છે તે બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ

નથી. જેથી એ બાબત સ્પષ્ટ થતી નથી કે વાદગ્રસ્ત જગ્યા જ નિ.૩/૨ વાળા દસ્તાવેજની જગ્યા છે, પરંતુ એ બાબત અવશ્ય પુરવાર થાય છે કે, પ્રતિવાદી ધ્વારા કોઈ બાંધકામ થયેલ છે અને પ્રતિવાદી ધ્વારા થયેલ બાંધકામની વિગતને પંચનામા તથા નકશાથી બાંધકામ થયુ છે તેવુ સમર્થન મળે છે. આ કામે વાદી મનાઈ અરજીના પેરા નં.૧ માં જે એલ. આકારનું ગભાણ જણાવે છે તે એલ. આકારના ગભાણમાં સામાન્ય રીતે વિચારીએ તો કોઈ ચોરસ કે લંબ ચોરસ જગયા હોય તો તેની ચતુર દિશા જણાય. પરંતુ વાદી જયારે એલ. આકારનું ગભાણ જણાવતા હોય તે ગભાણમાં છ દિશા હોવી જોઈએ. જયારે મનાઈ અરજીમાં વાદીએ ચાર જ દિશા જણાવેલ છે. આમ વાદીએ જણાવેલ ચતુર દિશા મુજબ પ્ર તિવાદીએ દાવાવાળી મીલકત એટલે કે ગભાણની ઉતરની દિશામાં બાંધકામ કરેલ છે તેવો વાદીનો દાવો છે તો ઉતર દિશામાં શેરી આવેલ છે તેવુ વાદીની પેરા નં.૧ માં ચતુર દિશામાં જણાય છે. આમ બાંધકામ નિ.૩/૨ વાળા દસ્તાવેજવાળી જ જગ્યામાં જ થાય છે કે કેમ તે સ્ પષ્ટ પુરવાર થતુ ના હોય મુદા નં.૧ નો નકારમાં જવાબ આપવામાં આવે છે.

(૮) પ્રસ્તુત કામે ઉપરોકત ચર્ચા કરી તે મુજબ વાદી અને પ્રતિવાદીની રજુઆતો, રજુ થયેલ પુરાવાઓ ધ્યાનમાં લેતાં એ વાત અવશ્ય રેકર્ડ પર આવેલ છે કે, પ્ર તિવાદી ધ્વારા કોઈ સ્થળે બાંધકામ કરવામાં આવી રહયુ છે પરંતુ તે બાંધકામ વાદીના કહયા મુજબનું જ સ્થળ છે કે કેમ તે બાબતે જુના અને નવા નંબર બાબતે બંનેમાંથી કોઈપણ પક્ષકારે દસ્તાવેજ રજુ કરેલ નથી. હાલના કામે જયારે કોઈ પક્ષ મનાઈ હુકમની માંગણી કરતા હોય ત્યારે તે પક્ષની મનાઈ મેળવવા માટે હકકદાર હોવાની બાબત પુરવાર કરવાની જવાબદારી થઈ પડે છે. હાલના કામે વાદી જો એમ જણાવતા હોય કે પ્રતિવાદી ધ્વારા વાદદગ્રસ્ત જગ્યા એટલે કે નિ.૩/૨ વાળુ દસ્તાવેજવાળુ વાદીના વડવાએ રાખેલ ગભાણના ઉતર ભાગમાં જ મધ્યમાં પ્રતિવાદીઓ ધ્વારા ગેરકાયદેસરનું પરવાનગી સીવાયનું બાંધકામ થાય છે તે વાદીએ પુરવાર કરવાનું રહે. પરંતુ રજુ થયેલ રેકર્ડ પરના પુરાવાને આધારે નિ.૩/૨ વાળો દસ્તાવેજવાળુ જ ગભાણ પ્રતિવાદીઓ ધ્વારા બાંધકામ થાય છે તે જ ગભાણ છે તેવુ સ્પષ્ટપણે વાદીએ પુરવાર કરવાનું રહે છે પરંતુ વાદી ધ્વારા રજુ થયેલ દસ્તાવેજ અને સોગંદનામાની વિગેરેને ધ્યાનમાં લેતા એ બાબત અવશ્ય પુરવાર થાય છે કે, વાદીના વડવાએ કોઈ ગભાણ વેચાણ રાખેલ પરંતુ વાદી જે આ એલ. આકારના ગભાણની વાત કરે છે તે એલ. આકારના ગભાણના મનાઈ અરજીમાં જણાવેલ ચતુર દિશા મુજબ ઉતરે શેરી છે, જયારે એ જ એલ. આકારના ગભાણની ઉતરની તરફ જ વચ્ચોવચ્ચ

પ્રતિવાદી ગેરકાયદેસર બાંધકામ કરે છે જે બાબતને પંચનામુ તથા નકશો જોતા એટલુ સમર્થન જરુર મળે છે કે, નકશામાં જણાવેલ ઉતર દિશાના ભાગે પ્રતિવાદીએ નવુ બાંધકામ કરેલ છે પરંતુ વાદીએ મનાઈ અરજીમાં જણાવેલ ચતુર દિશા અને પંચનામામાં જણાવેલ ચતુર દિશા એકબીજા સાથે બંધ બેસતી જણાતી નથી. ઉપર મુદા નં૧ માં ચર્ચા કરી તે મુજબ વાદીએ મનાઈ અરજીમાં ચતુર દિશા જણાવે છે પરંતુ એલ. આકારનું ગભાણ હોય તો તેમાં ચાર કરતા વધુ દિશા એટલે કે છ બાજુઓ બતાવવી પડે અને તેમાં એલ. આકારમાં કયા ભાગની કઈ બાજુમાં બાંધકામ થઈ રહયુ છે તેની સ્પષ્ટતા વાદીએ કરવી રહી. પ્રસ્તુત કામે એ બાબત અવશ્ય પુરવાર થાય છે કે, પ્રતિવાદી ધ્વારા નકશામાં જણાવેલ ઉતર દિશામાં નવુ બાંધકામ કરેલ છે પરુંત વાદીની મનાઈ અરજીની ઉતર દિશા એટલે કે એલ. આકારના ગભાણની ઉતર દિશા જે શેરી છે તે અને નકશામાં વાદીની મનાઈના કારણમાં જે કાઈ જણાવેલ છે તે એક બીજા સાથે બંધ બેસતુ નથી. વધુમાં વાદી બાંધકામ દુર કરો તેવુ જણાવે છે પરંતુ હાલ મનાઈ અરજીના હુકમનો નિર્ણય છે અને તેમાં રેકર્ડ પર રજુ થયેલ પુરાવા એટલે કે વાદી અને પ્રતિવાદી પક્ષે જે કાઈ દસ્તાવેજ રજુ કરવામાં આવેલ હોય તેને આધારે નિર્ણય કરવાનો હોય છે અને જો આદેશાત્મક મનાઈ હુકમ એટલે કે કમીશનર મારફતે ગેરકાયદેસર બાંધકામ કરેલ દુર કરવાનો હુકમ કરવાનો હોય તો સો પ્રથમ તો વાદીએ પ્રતિવાદી ધ્વારા કરેલ બાંધકામ ગેરકાયદેસર છે તે પુરવાર કરવુ પડે અને તેના સારુ બંને પક્ષોના વિગતવાર પુરાવા લેવા પડે. આમ વાદી દાવાવાળી મીલકત પર પ્ર તિવાદી ધ્વારા ગેરકાયદેસર બાંધકામ થયેલ છે અને તે પણ વાદીના વડવાએ રાખેલ ગભાણમાં જ થયેલ છે તે બાબતે નિ.૩/ર વાળો દસ્તાવેજ વાળી જગ્યા હાલની જગ્યા છે તે બતાવતો પુરાવો આપેલ નથી જેથી અગવડ સગવડની સંમતુલા પણ વાદીની તરફેણમાં જણાતી ના હોય મુદા નં.ર નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૯) પ્રસ્તુત કામે વાદીએ એલ. આકારના ગભાણની ઉતર દિશામાાં પ્રતિવાદી ધ્વારા ગેરકાયદેસર બાંધકામ કરેલુ હોય તે જાતે દુર કરે અને દુર ના કરે તો કોર્ટ કમીશનર મારફતે અને તેવોના ખર્ચે દુર કરે તેવો આદેશાત્મક મનાઈ હુકમ તેમજ પ્રતિવાદી એ જાતે કે તેમના માણસો, કડીયા, મજુરો, એજન્ટો મારફતે વધુ બાંધકામ કરે કરાવે નહી કે અમારા ગભાણમાં પ્રવેશ કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ માંગેલ છે. ઉપર ચર્ચા કરી તે મુજબ એલ. આકારના ગભાણમાં ચાર દિશા કરતા વધુ દિશા એટલે કે છ બાજુ એટલ કે તે જગ્યાએ શું શું આવેલ છે તે બતાવવુ પડે જે વાદીએ બતાવેલ નથી. વધુમાં વાદી

આદેશાત્મક મનાઈ હુકમ માંગતા હોય ત્યારે સૌપ્રથમ ગેરકાયદેસર બાંધકામ થયેલ છે કે કેમ તે વાદી કહેતા હોય તો વાદીએ પુરવાર કરવુ પડે. પરંતુ રેકર્ડના પુરાવાથી બાંધકામ થયેલાનું પુરવાર થાય છે પરંતુ તે ગેરકાયદેસર કેવી રીતે તે બાબતનો વાદી ધ્વારા કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં પ્રતિવાદી ધ્વારા બાંધકામ થયેલાનું કબુલેલ છે અને પ્ર તિવાદી ધ્વારા કોઈ પરમીશન ધ્વારા બાંધકામ થયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. પરંતુ પ્રસ્તુત કામે વાદી અને પ્રતિવાદી ધ્વારા જે દાવાવાળી તકરારી મીલકત કે જગ્યા સંદર્ભે તકરાર ઉપસ્થિત કરાયેલ છે તે દાવાવાળી તકરારી જગ્યા વાદીના કહયા મુજબ ૧૯૫૭ માં વાદીના વડવાએ રાખેલ નિ.૩/૨ વાળા દસ્તાવેજ વાળી જ જગ્યા છે કે કેમ તે જયાં સુધી બંને પક્ષ ધ્વારા વિગતવારના પુરાવા રજુ ના થાય ત્યાં સુધી સ્પષ્ટ થતુ નથી. રેકર્ડ પર જે પુરાવા છે તેને આધારે બંને પક્ષ ધ્વારા એવા કથન થયેલ છે કે, દાવાવાળી જગ્યા અમારી માલીકીની છે. વાદીએ પોતાની માલીકી પુરવાર કરવા નિ.૩/૨ ના દસ્તાવેજ પર આધાર રાખેલ છે પરંતુ દસ્તાવેજવાળુ ગભાણ એ જ વાદી બતાવે છે તે એલ. આકારનું ગભાણ છે તે બતાવતો કોઈ આધારભુત પુરાવો વાદીએ આ કામે રજુ કરેલ નથી. એટલે કે ગભાણ રજીસ્ટર નં.૭૬, વીલેજ પંચાયત નં.૧૧૧ વાળુ ગભાણ એ જ હાલના અનુક્રમ નં.૨૧૮ અને મીલકત પ્રોપર્ટી નં.૨/૧૧ છે તે બતાવતો કોઈ પુરાવો જણાતો નથી. પ્રતિવાદી ધ્વારા કોઈપણ જાતનો દસ્તાવેજી પુરાવો ગભાણની માલીકી બાબતે રજુ થયેલ નથી. માત્ર મૌખિક કથનો આધારે લાંબા સમયથી કબજો ભોગવટો હોય અમારુ છે તેમ જણાવે છે. પરંતુ બંને પક્ષોની રજુઆત, રજુ થયેલ પુરાવાઓ, વિગેરેને ધ્યાનમાં લેતા બંનેમાંથી કોઈ પક્ષ ગભાણવાળી જગ્યાની કાયદેસર માલીકી હાલમાં સ્પષ્ટ કરી શકયા નથી. વધુમાં વાદીએ આદેશાત્મક મનાઈ હુકમ માંગેલ છે. પ્રતિવાદીએ એવુ જણાવેલ છે કે, નામદાર ઉચ્ચ અદાલત ધ્વારા આદેશાત્મક મનાઈ હુકમ આંક–૫ ના તબકકે આપવામાં આવે તો પુરેપુરા દાવાનો અંત આવે તેવા ઘણા બધા ચુકાદા આપેલ છે. હાલ માત્ર કામ ચલાઉ મનાઈ અરજીનો નિર્ણય કરવાનો હોય ત્યારે આદેશાત્મક મનાઈ હુકમ આપી શકાય નહી. વાદીએ એવુ જણાવેલ છે કે, કામ ચલાઉ મનાઈ હુકમમાં દાદ (બ) વાળી એટલે કે, મનાઈ અરજીના પેરા નં.૧ માં જણાવેલ ગભાણમાં વધુ બાંધકામ કરે કરાવે નહી કે અમારા ગભાણમાં પ્રવેશ કરે કરાવે નહી તેવો દરમ્યાન મનાઈ ફરમાવશો. પરંતુ વાદીએ તથા પ્રતિવાદીએ ગભાણવાળી જગ્યા તેઓ માંથી કોની છે તે જયારે સ્પષ્ટ કરેલ નથી ત્યારે કોઈ એકની તરફેણમાં કે કોઈ એકની વિરુધ્ધમાં મનાઈ હુકમ ફરમાવી શકાય કે કેમ

તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે વાદીએ ઓર્ડર–૩૯ રૂલ ૧,૨ ના સિધ્ધાંતો મુજબ પોતાનો કેસ પુરવાર કરવો પડે અને વાદીએ ગભાણ તેઓના વડવાઓ ધ્વારા રાખેલ ગભાણ જ છે તે બતાવતો પુરાવો રેકર્ડ પર લાવેલ ના હોય તેમજ પંચનામામાં તેમજ નકશામાં બાંધકામ ચાલુ હોય તેવુ પણ જણાતુ ના હોય ત્યારે વધુ બાંધકામ અટકાવવાની માંગણી બાબતે વાદીએ વધુ બાંધકામ થઈ રહયુ છે તે પણ બતાવેલ નથી. આવા સંજોગોમાં વાદી ધ્વારા મનાઈ હુકમ આપવામાં ન આવે તો ભરપાઈ ના થઈ શકે તેવુ નુકશાન થતુ હોય તેવુ રેકર્ડ પરના પુરાવા, લેખીત દલીલો અને રજુ કરેલ ચુકાદાઓ આધારે સ્પષ્ટપણે પુરવાર કરેલ નથી. જેથી મુદા નં.૩ નો નકારમાં જવાબ આપી મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

વાદીની હાલની આંક–પ તથા આંક–૧૩ ની અરજી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખઃ ૧૨ મી, માહે જુલાઈ સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભવાળીને જાહેર કર્યો.

**આમોદ.**
**તા.૧૨/૦૭/૨૦૧૮**

**(વી.કે.વાઘેલા)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ,**
**આમોદ.**
**કોડ નં.જીજે ૦૧૪૬૫**